# રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં જુનીયર કલાર્કની ભરતીમાં યુનિવર્સિટી પસંદગી અંગેની કાઉન્સીલ અંગેની નોટીસ

રાજયની ચાર કૃષિ યુનિવર્સિટીઓમાં જુનીયર કલાર્કની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા અંગે સુધારેલ જાહેરાત ક્રમાંક : ૨/૨૦૧૮(જુનીયર કલાર્ક) અન્વયે રાજયની ચાર કૃષિ યુનિવર્સિટી પૈકી કોઇપણ એક પસંદગીની યુનિવર્સિટીમાં મેરીટ મુજબ નિમણૂંક મેળવવા પ્રમાણપત્રોની ચકાસણી બાદ સામેલ કાઉન્સીલીંગ ઉમેદવારોની યાદી મુજબના તમામ **૬૧૦** ઉમેદવારોને નીચે જણાવેલ વિગતે કાઉન્સેલીંગ માટે સ્વખર્ચે બોલાવવામાં આવે છે. ઉમેદવારોએ ખાસ નોંધ લેવી કે જાહેરાત ક્રમાંક : ૨/૨૦૧૮(જુનીયર કલાર્ક) પ્રમાણે કેટેગરી વાઇઝ **કુલ-૨૫૭** ઉમેદવારોને જ મેરીટથી નિમણૂંક આપવાની થાય છે અને બાકીના ઉમેદવારોને નિમણૂંક આપવાની થતી નથી. જેથી બાકીના ઉમેદવારો કોઇપણ જાતનો નિમણૂંક અંગેનો હકક દાવો કરી શકશે નહી.

નિમણૂંક મેળવવા ઇચ્છુક ઉમેદવારોને સરકાર માન્ય ફોટાવાળુ ઓળખપત્ર સાથે નીચેની વિગતે કાઉન્સેલીંગ માટે અચુક હાજર રહેવા જણાવવામાં આવે છે. જે ઉમેદવાર દર્શાવેલ સમય અને સ્થળે રૂબરૂ હાજર રહેશે નહી તે નિમણૂંક માટે ઇચ્છુક નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે અને પાછળથી નિમણૂંક માટેનો તેમનો કોઇપણ હકક દાવો ગ્રાહય રાખવામાં આવશે નહી.

**કાઉન્સેલીંગનું સ્થળ :** ઓડિટોરીયમ હોલ, બં.અ.કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ
**તારીખ :** ૧૮/૦૭/૨૦૨૧, રવિવાર
**રીપોર્ટીંગનો સમય :** સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાક

**નોંધ :**

(૧) સવારે ૧૧-૦૦ કલાક પછી આવનાર ઉમેદવારને કાઉન્સેલીંગમાં પ્રવેશ આપવામાં આવશે નહી અને નિમણૂંક મેળવવાનો અધિકાર રહેશે નહી

(૨) સદર કાઉન્સેલીંગ એ કોઇપણ પ્રકારનું ઇન્ટરવ્યુ નથી માત્ર મેરીટ પ્રમાણે યુનિવર્સિટી પસંદગી માટે જ છે જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

કુલસચિવશ્રીઓ
રાજય કૃષિ યુનિવર્સિટીઓ
ગુજરાત રાજય વતી